અપીલ અરજી નં.૯૯ તા.૨૧–૭–૦૮

અરજદાર: શ્રીગુલામભાઈ મેમણ
સામાવાળા:આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોન

***હુકમ:–***

***વિષય :***–આરટીઆઈ એકટ હેઠળ શ્રીગુલામભાઈ મેમણની તા.૩૦–૬–૦૮ નીઅરજીથી ચોકબજાર કમાલગલીમાં આવેલી ૧૦/૨૨૬૫ માં ગેરકાયદેસર બાંધકામ બાબત.

***સંદર્ભ :***– અરજદાર મજકુરની તા.૨૧–૭–'૦૮ ની અપીલ અરજી નં.૯૯/૨૦૦૮–૦૯

શ્રીગુલામભાઈ મેમણની તા.૩૦–૬–૦૮ નીઅરજીથી ચોકબજાર કમાલગલીમાં આવેલી ૧૦/૨૨૬૫ માં ગેરકાયદેસર બાંધકામ બાબતે આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સે.ઝોન/આઉટ/૩૯૨ તા.૯–૭–૦૮ થી આપેલ માહિતી ખોટી હોવાનું જણાવી આપેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૧ –૭–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૪૯ તા.૨૪–૭–૦૮ના રોજ આસી.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલ ઝોનને જણાવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૬–૬–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી મ.માહિતી અધિકારીને તા.૭–૭–૦૮ ના રોજ પરત ખેંચતી અરજી અરજદારે કરેલ છે. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીએ નોર્થઝોન/આ.નં.૩૦૯૮ તા.૧૯–૭–૦૮ થી અરજી દફતરે કર્યાની અરજદારને જાણ કરવામાં આવેલ છે. ત્યાર બાદ અરજદારે તા.૨૦–૭–૦૮ ના રોજ અપીલ અરજી કરેલ જે જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ અરજી અરજદારે પરત ખેંચવામાં આવેલ છે તેની મુળ અરજી માહિતીમાં અત્રે પૂરી પાડેલ હોઈ જે અંગે કંઈ કાર્યવાહી કરવાની રહેતી નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૮ –૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી,નોર્થ ઝોન..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામ મેમણ,